

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*રિબાય દુષ્કર્મોથી, મળે ન ન્યાય, મહિલા-દીન છે,*
*સહાનુભૂતિ નામે થાય શોષણ, મહિદા-દીન છે.*
*'મહિલા-દિન' ઉજવવો પડે એ છે કમનસીબી -*
*લડી-રડી ને માગવા પડે હક્ક, મહિલા-દીન છે...*
*(૮ માર્ચ વરસના વચલા દિવસે, મહિલા-દિન)*

હાઈકુ

*થાય મજાક -*
*સ્ત્રી-સશક્તિ-કરણ,*
*ઉજવણીથી...*
*(સ્ત્રી-સશક્ત છે જ)*

*યુગોથી*
*અભણ રાખવાનું -*
*છે કાવતરું !*
*(પુરુષ પ્રધાન સમાજ!)*

### ચિંતન

**પરધનાનિ નિક્ષેપન્નુ: કેવલં સ્વાર્થમ્ ।**

ઉપરોક્ત સૂત્ર ચાણક્યનીતિમાંથી લેવામાં આવેલ છે.

પારકી અમાનત પ્રત્યે ભેદભાવ રાખનાર સ્વાર્થી છે.

પારકી અમાનત, પરધનની રક્ષા પણ, પોતાના ધન જેમ અને એના જેવી અને જેટલી જ સંભાળ રાખવી જોઈએ એમ ન કરનાર, એ ધનની સુરક્ષા પ્રત્યે દુર્લક્ષ સેવનાર વ્યક્તિ સ્વાર્થી હોય છે.

આવી જ રીતે શાસન ચલાવનાર, રાજ્યતંત્રનો એક હિસ્સો, જેવા મંત્રીઓ, અધિકારીઓ, હિસાબનીશો અને તમામ કક્ષાએ નાણાનો વહીવટ કરનાર પછીએ સંસ્થા સરકારી કચેરી હોય કે વેપારીની પેઢી ટ્રસ્ટ હોય કે મંદિર કોઈ વકીલ કે સ્નેહીનું ઘર, કે દુકાન. જ્યારે આપણને તેનો વહીવટ સંભાળવા મળ્યો હોય ત્યારે હિસાબ પાઈ-પાઈને વ્યવસ્થિત અને નિષ્ઠાપૂર્વક જ થવો જોઈએ અને ધનની સંભાળ પૂરી પ્રમાણિકતા અને પવિત્ર ફરજ સમજીને કરવી જોઈએ.

આવી જવાબદારી પ્રત્યે લાપરવાહ રહેનાર સમાજ અને આત્માના ગુનેગાર તો છે જ સાથે સાથે પરમાત્માનો દોષ પણ કરે છે. માનવ મહાસ્વાર્થી થયો છે આથી નીતિ નિષ્ઠાનું લિલામ થઈ રહ્યું છે.

### સુવિચાર

- શિષ્ય : મુક્તિનો ઉપાય શું છે? ગુરુ : તને બાંધનાર કોણ છે? અને આ શબ્દો સાંભળતા શિષ્ય જાગૃત થઈ ગયો! - **ફુલછાબ**
- વધુ માટેની આપણી ઈચ્છાઓ નિયંત્રિત કરવી - વાસ્તવિક મર્યાદામાં રહેતાં શીખવું તે આપણા હિતમાં છે - **દલાઈલામા**
- વિચાર્યા વગર બોલી નાખવું એટલે નિશાન તાક્યા વગર તીર ચલાવવું - **એસ. ભટ્ટાચાર્ય**
- કામ જાતે મેળવી લેવું એ જ જીવનલક્ષી શિક્ષણનું હાર્દ છે - **નવનીત**
- સુગંધ વગર પુષ્પ, તૃપ્તિ વગર પ્રાપ્તિ, ધ્યેય વગર કર્મ અને પ્રસન્નતા વગર જીવન વ્યર્થ છે - **અમિતાભ બચ્ચન**
- તમે જો પોતાને જ નથી ઓળખતા તો તમારી વિદ્યા કે સૂક્ષ્મ જાણકારીઓ વ્યર્થ નિષ્પયોજન છે - **વિલ્સન મિઝનર**
- આજનું ઔષધ : દરરોજ અડધી ડુંગળી મીઠું નાખ્યા વગર ખાવાથી સારા કોલેસ્ટ્રોલમાં ૩૦% વધારો થઈ શકે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

એક શાળામાં પ્રવાસનું આયોજન થયું. ગરીબ પરિવારના બાળકને પણ તેમાં જોડાવું હતું. સૌ અવનવી વાનગીઓ લાવી મિજબાની કરવાના હતા. બાળકે ઘરે આવી માતા-પિતાને પ્રવાસની વાત કરી. માતાએ કહ્યું, 'પ્રવાસમાં તો મોકલીશું ભલે થોડા ઘણા ઉછીના લાવશું... પણ આપણી પાસે વાનગી બનાવવા માટે પૈસા ક્યાંથી હોય? હા... આપણા ઘરમાં એકાદ કિલો ખારેક પડી છે. જો તુ લઈ જાય તો... કારણ કે કદાચ ખારેક લઈ જવાથી બીજા તારી મશ્કરી જરૂર કરશે.' પિતાએ કહ્યું, 'હું બજારમંથી કંઈ નમકીન લાવી આપું છું ભલે મારે ખર્ચ થાય.' પિતાએ કરજ લઈને બાળકનું મન રાખવા પ્રવાસમાં મોકલવા તથા સારો નાસ્તો લઈ જવાની તૈયારી બતાવી. બાળક ખૂબ સમજુ હતો. પિતાની વાત સાંભળી તેણે કહ્યું, 'આપે જે મને કહ્યું હતું કરજ લેવં એ સારી વાત નથી... હવે આવતું એક અઠવાડિયું હું પણ નાનું એવું કામ કરી થોડું ઘણું કમાઈશ અને એ બચતમાંથી જ હું પ્રવાસમાં જઈશ. વલી હું પ્રવાસમાં ખારેક લઈને જ જઈશ. કોઈ શું વિચારશે એનાથી મને ફરક પડવાનો નથી. કારણ કે દેવું કરીને ખોટી શાન દેખાડવી એ સારી વાત નથી એવું આપે મને શીખવ્યું છે.' બાળકની આવી સમજદારી અને જવાબદારી વાળી વાત સાંભળી માતા-પિતાની આંખમાંથી હરખનાં આંસુ આવ્યા. એ બાળક એટલે પંજાબ કેસરી લાલા લજપતરાય કે જેમણે પંજાબ નેશનલ બેંકની સ્થાપના કરી હતી. અને સાયમન કમીશનનો વિરોધ કરવામાં લાઠીચાર્જમાં તેઓ મૃત્યુ પામ્યા હતા.

# નારી તું નારાયણી...

**તંત્રીસ્થાનેથી...**

સ્ત્રીને પુરુષપ્રધાન સમાજે હરહંમેશ એક જુદું ચોકઠું બનાવી એમાં પૂરી રાખ છે. એને એ માતા તરીકે માન આપતો રહ્યો છે, જીવનસાથી તરીકે અનિવાર્ય ગણતો રહ્યો છે અને બહેન-દીકરી તરીકે લાડ લડાવતો રહ્યો છે એ સાચું. એને 'નારી તું નારાયણી' કહી બિરદાવનારો પુરુષ પોતાની પંગતમાં સ્વીકારી શકતો નથી, ભલે છેલ્લા સૈકા દરમિયાન સ્ત્રીએ પુરુષ સમોવડી જ નહીં બલકે એના કરતાં પણ ચડિયાતી હોવાનું સિદ્ધ કર્યું હોય. આનું કારણ બેઉ વચ્ચેનો શરીર ભેદ છે. પુરુષ એમ જ માનતો રહ્યો છે અને સદીઓ પછી પણ એની એ રૂઢ માન્યતા એના સબકોન્શ્યસ મનમાં અકબંધ રહેવાની છે કે સ્ત્રીનું સર્જન આખરે તો પુરુષના મનોરંજન, સર્જન કે સેવા માટે જ થયું છે. શાસ્ત્રો એની સાહેદી પૂરી છે. બાઈબલમાં ઈશ્વરે માણસ માટે આખી સૃષ્ટિનું સર્જન કર્યા પછી કંઈક અધૂરપ વરતાતાં એને હૂંફ આપી એવી સ્ત્રીનું નિર્માણ કર્યું હોવાની રજૂઆત છે. બિચારા પુરુષને સકળ સૃષ્ટિમાં એકલતા ન સાલે - એટલા સારુ ઈશ્વરે એ સૂતો હતો ત્યારે એની જ પાંસળી કાપીને એમાંથી રૂપાળી વામાનું સર્જન કર્યું જે એની પડખે રહી આજીવન એનું મનોરંજન કરે, હૂંફ આપે. પછી વળી આ બે જીવોને ઈડન ગાર્ડનમાં વસંતઋતુ ટાણે વર્જિત ફળ આરોગ્યું, એમાંથી વિશ્વનું 'ઓરિજિનલ સીન' - મૂળ પાપ થતાં થઈ ગયું અને આજે પૃથ્વી પર પગ મૂકવાની જગ્યા ન રહે એટલાં માણસો ઊભરાતાં થઈ ગયાં ! - બેહૂદી છતાં રમણીય લાગતી આ કામ - કલ્પના સ્ત્રી વિશે આદિકાળથી પુરુષજાત શું વિચારતી રહી છે, એનું ઝળહળતું ઉદાહરણ છે. આદિપુરુષના વંશજો પણ વારસામાં એ જ માન્યતાને સંઘરીને અવતરે છે. એટલે સ્તો આજે આટઆટલા કડક કાયદાઓ હોવા છતાં દર મિનિટે ક્યાંક ને ક્યાંક સ્ત્રીની છેડતી કે દુષ્કર્મ થતાં રહે છે. સ્ત્રી એના શારીરિક સૌંદર્ય અને કોમળતાને કારણે વાસનાભૂખી પુરુષજાતનો શિકાર બનતી રહે છે. એ કોમળતા અને સુંદરતા જ સ્ત્રીની મૂળભૂત ઓળખ છે. કુદરતે એને માતૃત્વ ધારણ કરવાની વિશેષ ફરજ સોંપી છે, જેના માટે એને પુરુષની જરૂર પડે છે. વળી માતા બનેલી સ્ત્રી અન્ય કાર્ય કરતાં બાળઉછેર પર જ વિશેષ ધ્યાન આપે એવી એની પાસે પરંપરાગત અપેક્ષા પણ રહ્યા કરી છે. આમ મા, પત્ની અને વધારાની બીજી કોઈ ફરજ બજાવતાં એ સ્વાભાવિક છે કે થાકી જ જાય; પુરુષની સરખામણીએ એ અમુક વધુ મહેનત - પરિશ્રમ અને જોખમવાળાં કામ ન કરે તે જ હિતાવહ પણ ગણાય. પરંતુ આધુનિક સ્ત્રી હવે માતૃત્વના ભોગે પણ મનગમતાં લક્ષ્યાંકો હાંસલ કરવા લાગી છે. એણે શારીરિક સૌંદર્યનું લોભામણું માર્કેટ સર કર્યું છે તો વળી એની ઉચ્ચાભિલાષી પ્રકૃતિએ એને ક્યારેક ઈંદિરા ગાંધી કે કિરણ બેદી, ક્યારેક કલ્પના ચાવલા કે સુનિતા વિલિયમ્સ બનાવી છે. અનેક ક્ષેત્રોમાં એણે પુરુષને પાછો પાડ્યો છે અને જ્યાં પુરુષ જ ચાલી શકે એવાં ક્ષેત્રોમાં સાધિકાર પ્રવેશ કર્યો છે. લશ્કર અને પોલીસમાં કે એવિએશનમાં સ્ત્રીએ એનું વજૂદ પુરવાર કર્યું છે. સાહિત્ય અને કલા કે વિજ્ઞાન ક્ષેત્રે તો એનું વજૂદ હતું જ. રાજકારણમાં એ પુરુષની લગોલગ ચાલતી થઈ છે. ન્યાયક્ષેત્રે એણે કાઠું કાઢ્યું છે. એકવીસમી સદીની સ્ત્રી અત્યાર લગીની દયાપાત્ર અબળા નથી રહી - એ પ્રબળા બની ચૂકી છે. આંતરરાષ્ટ્રીય વિમેન્સ ડેની ઉજવણીટાણે હવે તો પ્રશ્ન કરવાનું મન થાય : શા માટે સ્ત્રીને જુદું ખાસ ખાનું ફાળવવું ? જો આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ ઊજવાતો હોય તો પુરુષ દિવસ કેમ નહીં ?

# કલા માણવા માટે હોય છે...



**આરપાર**
**રાઘવજી માધડ**

આપણે ઉત્સવપ્રિય પ્રજા છીએ. ઉત્સવમાં હોવું, રહેવું ને મ્હાલવું ગમે છે.જો આરપાર ઉતરવાની કે જાણવાની કડાકૂટમાં પડ્યા વગર માણવાની મઝા લઈએતો,ઉત્સવ મનને માંઝે છે,તરોતાજા રાખે છે. તનની તંદુરસ્તીના ઉપાયો મળે પણ મનની માવજતતો અંદરની આવે. આપણે ત્યાં ઉત્સવો ઘણાં છે.તેમાં સરકાર પણ આવા ઉત્સવોની ઉજવણી કરે છે. જેનું સારું,ન્યારું ને પ્યારું ઉદાહરણ છે : વસંતોત્સવ - ૨૦૨૦.

આ ઉત્સવ રજતજયંતી નિમિતે'એક ભારત,શ્રેષ્ઠ ભારત'ના થીમ ઉજવાયો.તેમાં દેશના રાજ્યોની કલા-સંસ્કૃતિની પ્રસ્તુતિ સાથે ગુજરાતના નામી-અનામી લોક-કલાકારોની કલાના કામણ પથરાયા.લોકોએ મનભરીને માણ્યા. હાટ બજાર સમેત સમગ્ર ઉપક્રમ માટે સરકારને યાદ કરવા સાથે દાદ દેવી ઘટે.

વરસો પહેલા,નદીનાં કોતરોમાં નિર્માણ થયેલ'સંસ્કૃતિકુંજ'માં આ ઉત્સવ માણવા માટે લોકો આવતા હતા.વહેલા તે પહેલાના ધોરણે બેસવા માટે જગ્યા મળતી છતાંય ઘણાં વગ વાપરવાનો વાટકી વ્યવહાર ચુકતા નહીં.પણ આ વખતે પ્રેક્ષકોની હાજરી સાંખી ન લેવાય એવી પાંખી અને ઝાંખી હતી.કારણ કોઈપણ હોય શકે,પણ ભીડ જરાય નહોતી તે કહેવું પડે એવું હતું.

મનોરંજનનું 'ઈડીયટ બોક્સ' ઘરમાં આવી ગયું છે પણ લોકોને પરિવાર સાથે બહાર નીકળવા માટે સરિતા ઉદ્યાન સારું રહ્યું. બ્યુટીફીકેશનના લીધે બગીચાની ઘણી નૈસર્ગિકતા નષ્ટ થઈ છે.પણ પરિવર્તન પ્રકૃતિનો વણલખ્યો નિયમ છે. બધું બદલાતું રહેવાનું. પણ આ સરિતા ઉદ્યાનમાં વસંતોત્સવ માણતી વેળાએ રાતનો રંગબેરંગી નજરો જોતા નષ્ટતા નવારૂપે સહ્ય ને સારી લાગી.

સરિતા ઉદ્યાનના સ્ટેજ પર, યુવા દિલની ધડકન એવાં લોક કલાકારની પ્રસ્તુતિવેળાએ ઓડીયન્સ ઉભું થઈ સ્વયંભુ તાળીઓ પાડી ઉઠ્યું હતું. સહેજે સલામ કરવાનું મન થાય.કલા-કલાકાર લોકોના હૃદયમાં રાજ કરે છે તે નરવી ને ગરવી હકીકત છે. આ યુગમાં,ખાસ કરી ન્યુજનરેશનને કલા સાથે કનેક્ટ કરવી કપરી છે,પણ અઘરી નથી.અમુક કલાકારો આ કસોટીમાંથી પાર ઉતરતા હોય છે.પણ કોઈ વળી તાળીઓ કે વાહ...વાહી રીતસર ઉઘરાવતા હોય એવું લાગતું હતું એ પણ કડવી ને વરવી વાસ્તવિકતા રહી.સાંભ ળનારને મઝા આવે,હૈયું હા પાડી ઉઠે એટલે આપોઆપ કરતાલ ભેગાં થાય અને તાળીઓ પડી ઉઠે ! કોઈ વાણીને વિરામ આપવાનું ભૂલી,સાથી કલાકારનો સમય સ્વાહા કરી જાય ત્યારે પણ તાળીઓતો પડતી જ હોય છે ! પણ કલાકાર જયારે બેસ્ટ અને શ્રેષ્ઠ ગાયકી રજુ કરતો હોય છે ત્યારે શ્રોતાગણ એક કાનેને ધ્યાને સાંભળતો હોય, સ્થળ-કાળ-પવન થંભી જાય અને વનરાજી પણ પાંદડા ફરકાવવાનું ભૂલી જાય...આવા વિરલ દ્રશ્યો જોયા છે.

ઘણાં શ્રોતાઓ, સ્ટેજ-કલાનું સેલફોનમાં લાઈવ રેકોર્ડિંગ કરવામાં મસ્તપણે વ્યસ્ત રહેતાં હતાં. જોવાં-ફરવાં જાય ત્યાં પણ લોકો સેલ્ફીમાં રત રહેતાં હોય છે. ક્યાં,કોણે શું કરવું તે સ્વનિર્ભર હોય છે.પણ આમ કરવાથી જે સામે છે, જીવંત છે... તે માણવાનું ચુકી જવાતું હોય છે...અંતેતો કલા માણવા માટે છે.

**છેલ્લે :** કલાને પ્રેમ કરવો તે કલા છે, પણ નિભાવવો તે સાધના છે.



# હે નિર્ભયા, તું કેટલી નિર્ભય ? જાગ તું છે પ્રલય



**મોરપીંછના રંગ**
**ડો. કનૈયાલાલ ભટ્ટ**

૮, માર્ચ, ૨૦૨૦ એટલે આંતર રાષ્ટ્રીય મહિલા દિવસ. સ્ત્રીઓના સન્માનનો દિવસ, સ્ત્રીઓના ગૌરવનો દિવસ. પરંતુ બાકીના ૩૬૪ દિવસનું શું ? આ પ્રશ્નચિહન આપણા સૌની સામે લાગેલો જ છે. વર્ષ – ૨૦૧૨માં એક દૂર્ઘટના બનેલી. નિર્ભયા બળાત્કારની ઘટના. જેણે આખા દેશમાં હાહાકાર મચાવી દીધેલો, ગયા વર્ષે હૈદરાબાદમાં ડૉ. પ્રિયંકા બળાત્કારની ઘટનાએ પણ આખા સમાજને સંવેદનશીલ બનાવી દીધેલો. અને આ ઘટનાની પરાકાષ્ટારૂપે ચારેય આરોપીઓનું એન્કાઉન્ટર થઈ ગયેલું ત્યારે જ દેશની પ્રજાએ શાંતિ અનુભવેલી. આવી બે ચાર જ ઘટના મીડિયા દ્વારા આપણી સમક્ષ આવે છે પણ આવી અનેકાનેક નિર્ભયા કે પ્રિયંકાઓ પર રોજેરોજ બળાત્કારો થઈ રહ્યા છે, એની સજાનું શું ? અને બીજી રીતે જોઈએ તો આવી ઘટના બાદ ગુહનેગારને સજા કરવી એના કરતા સમાજમાં આવા ગુહના જ ના બને એવી વ્યવસ્થા કેમ થઈ શકતી નથી ?

સ્ત્રીશોષણની વાતો, ચર્ચાઓ અને વિવાદો તો ખૂબ થાય છે પણ એના ઉકેલો કે એની પાછળના કારણો જાણવામાં કે એ કારણોને દૂર કરવામાં કોઈને રસ નથી. કેમ કે સૌ પોતપોતાની દુનિયામાં વ્યસ્ત છે. પોતપોતાની પરિસ્થિતિની સામે સંઘર્ષ કરી રહ્યા છે, લડી રહ્યા છે. ક્યારેક નિર્ભયા કે પ્રિયંકા બળાત્કારની કે કોઈ ક્યાંક બાળકી પરના બળાત્કારની ઘટના બની જાય છે ત્યારે વળી ક્યારેક સમાજનો આત્મા જાગી જતા બધા સડક પર ઉતરી આવે છે. ત્યારે પોલીસ, કાયદો અને સરકાર અને મીડિયા સૌ સક્રિય બની જાય છે. ન્યાયની વાતો કરે છે, જ્ઞાતિ જાતિ સાથે, પક્ષ, ધર્મ કે સંપ્રદાય સાથે જોડીને આખી ઘટનાને રાજનીતિના ગંદા વસ્ત્રો પહેરાવીને ફેલાવવામાં આવે છે.

આજે વિશ્વ મહિલા દિવસ છે. શક્ય છે કે સરકાર દ્વારા મહિલાઓ માટે કોઈ યોજના જાહેર થાય. તો વળી આજે સોશિયલ મીડિયા ઉપર ચારેતરફ સ્ત્રી શક્તિ, મહિલા જાગૃતિ અને નારી ઉત્થાનની વાતોનું ઘોડાપુર આવશે. સ્ત્રી કલ્યાણ, સન્માન અને ગૌરવની પ્રેરણાદાયક વાતો શેર થશે. પણ શું ખરેખર આપણા દેશમાં કે સમાજમાં આટલું બધુ સ્ત્રી સન્માન કે ગૌરવ થાય છે ખરું ? આમ જોઈએ તો બળાત્કારની ઘટનાથી આખો સમાજ કલંકિત થાય છે. આખો દેશ બદનામ થાય છે. પરંતુ આજ સુધી આપણા બુદ્ધિજીવીઓએ કે શિક્ષણશાસ્ત્રીઓએ કે નેતાઓએ આવી ઘટનાઓ ના બને એ માટે કોઈ નક્કર પગલા ભર્યા નથી. કે નથી કોઈ યોજનાઓ બનાવી.

આવી ઘટનાઓ રોકવા માટે સૌ પ્રથમ તો બાળકી સમજણી થાય, સહેજ યુવાન થાય ત્યારથી એને ઘરમાં જ સ્વરક્ષણની તાલીમ આપવામાં આવે, નાની બાળકીને દરેક પ્રકારના સ્પર્શની સમજણ આપવામાં આવે. સ્કૂલ, કૉલેજોમાં પણ સ્વરક્ષણનો વિષય દાખલ કરીને યુવતિઓને તાલીમ આપવી જોઈએ. યુવતિઓ ઉપર તેજાબ ફેંકવાની ઘટનાઓ પણ ખૂબ બને છે. ખરેખર તો દરેક યુવતિઓએ, સ્ત્રીઓએ બહાર નીકળે ત્યારે પોતાના પર્સમાં નાની કાચની શીશીમાં એસિડ રાખવો જોઈએ જેથી જરુર પડ્યે સ્વરક્ષણ માટે એ એસિડ ભરેલી કાચની નાની બોટલનો ઉપયોગ કરી શકે. સામેની વ્યક્તિને એનાથી ડરાવી શકે. ઘણી વખત એક નાની એવી હિંમત મોટી મુસીબતમાંથી બચાવી લેતી હોય છે. આજે દેશ અને દુનિયા બદલાઈ રહ્યા છે. સમગ્ર પ્રકૃત્તિ બદલાઈ રહી છે. પરંતુ આપણે આપણી માનસિકતા બદલતા નથી.

આજે આખી દુનિયામાં ઈન્ટરનેટની મોહમાયાજાળે સમગ્ર વિશ્વને પોતાની માયાના પ્રભાવમાં લઈ લીધું છે. ખાસ કરીને ભારતમાં આજે ૬૦ કરોડથી બધુ લોકો મોબાઈલ વાપરે છે. જેની સામાજિક પારિવારિક ગંભીર અસરો થઈ રહી છે. આપણી જુની પારિવારિક, લગ્ન જેવી પરંપરા તૂટી રહી છે. સૌ પ્રથમ સરકાર દ્વારા આ ઈંટરનેટના ઉપયોગ ઉપરની ગાઈડ લાઈન્સ જાહેર કરવાની જરુર છે. અમુક નક્કી કરાયેલો સમય અને વધુમાં વધુ કેટલીક વ્યક્તિ સાથે જ તમે ચેટિંગ કરી શકો. ઈંટરનેટનો સાર્વજનિક ઉપયોગ પણ ઓછો થવો જોઈએ. આ ઉપરાંત ૨૧ વર્ષથી નીચેની ઉમરની વ્યક્તિ માટે આ સોશિયલ મીડિયા પ્રતિબંધિત હોવું જોઈએ. સ્કૂલ, કોલેજો કે જાહેર જગ્યાએ મોબાઈલ લઈ જવા પર દંડની જોગવાઈ થવી જોઈએ. જેવી રીતે ટ્રાફિકના કડક નીતિ નિયમો છે તેવી જ રીતે ઈંટરનેટ અને મોબાઈલ ઉપયોગના કડક નીતિ નિયમો બનવા જોઈએ. આમ કરવાથી સમાજની અનેક નિર્ભયાઓ કે પ્રિયંકાઓ બચી જશે.

સામાજિક જાગૃતિના અભિયાનોની યોજનાઓનો અમલ થવો જોઈએ. દરેક સ્કૂલો, કોલેજો કે જાહેર સ્થળે ઈન્ટરનેટ અને મોબાઈલની માહિતી ઉપલબ્ધ હોવી જોઈએ. આ ઈન્ટરનેટની સ્વતંત્રતાએ જ અનેક સમસ્યાઓ ઊભી કરી છે. આ ઈન્ટરનેટ સેવાઓ મોંઘી થવી જોઈએ. આ બધુ થવાથી આપણે આપણી નિર્ભયાઓને કે પ્રિયંકાઓને કે સંસ્કૃતિને બચાવી શકીશું. જેટલું દેખાય એટલું સારું નથી હોતું. દરેક ચીજના ઉપયોગની એક સીમા હોવી જોઈએ. મર્યાદા હોવી જોઈએ.

શિક્ષણમાં પણ સ્ત્રી સન્માન અને વ્યવહારનું શિક્ષણ ફરજિયાતપણે સામેલ થવું જોઈએ. અને સાથે સાથે સ્ત્રી સુરક્ષાના કડકમાં કડક કાયદાઓ બનવા જોઈએ. જે વિસ્તારમાં બળાત્કારની ઘટના બને તો જો આરોપી ત્રણ જ દિવસમાં ના પકડાય તો તે વિસ્તારના પોલીશ અધિકારીને જવાબદાર ગણી ફરજમૂક્ત કરવા. તથા આરોપી પકડાયા પછી એને જો સાત દિવસમાં સજા ના મળે તો કૉર્ટના જજ સુદ્ધાને નિલંબિત કરવાની જોગવાઈ હોવી જોઈએ. જો બે ચાર વખત આ રીતના કડક કાયદાઓનો અમલ કરવામાં આવે તો બળાત્કારની ઘટનાઓમાં અત્યંત કમી આવશે. અનેક નિર્ભયાઓ સુરક્ષિત રહેશે. કેમ કે ભય વિના પ્રીત નહી. બીજા ઉપાયની રીતે આખા સમાજની માનસિકતા બદલવી પડશે. ઘેર પુત્રનો જન્મ થયા જ માતા પિતાએ બાળકને સ્ત્રી સન્માન અને ગૌરવના સંસ્કારનું સીંચન કરવું જોઈએ. જો પ્રત્યેક ઘરમાં બાળપણથી સ્ત્રી ગૌરવના, સન્માનના પાઠ શીખવવામાં આવશે તો આવનારી પુરુષ પેઢી સંસ્કારી બનશે અને આવી ઘટનાઓ સમાજમાં ઓછી બનશે.

આજની દરેક નિર્ભયાઓએ પણ કેટલીક બાબતોનું ધ્યાન રાખવું પડશે. આધુનિકતાનું આંધળું અનુકરણ અને ફેશનની માયાજાળમાં ઘણી વખત આવી ઘટનાઓ ઘટતી હોય છે. ક્યારે ક્યા સમયે કેવા વસ્ત્રો પહેરવા કે જવું... આ બાબતોનું ધ્યાન રાખવું જરુરી છે. આજે સ્ત્રી પુરુષ સમોવડી બની છે એ સારી વાત છે પરંતુ આખરે સ્ત્રીઓ માટે કેટલીક એવી બાબતો ઈશ્વરે જ નિર્માણ કરી છે કે જે માત્ર સ્ત્રીઓ પાસે જ છે. માટે સ્ત્રી પુરુષના કેટલાક ભેદ શાશ્વત છે અને રહેશે. આ બાબતે પણ દીકરીના માતા પિતાએ દીકરીને સમજાવવું જરુરી છે. આજે એક તરફ દીકરીઓ બસમાં કંડકટરની નોકરી કરતી થઈ છે, શહેરોમાં ઓટો રીક્ષા ચલાવતી થઈ છે. એ સારી વાત છે પરંતુ આમ છતાંય આપણે ભારતીય સંસ્કૃતિના દેશમાં રહીએ છીએ. અહીં સ્ત્રીને દેવીનું, શક્તિનું સ્વરૂપ માનવામાં આવે છે. માતા અને દીકરીનો દરજ્જો આપવામાં આવે છે. પરંતુ આવી દૈવી ભાવના સર્વ લોકોના મનમાં નથી હોતી. આખા સમજને જાગૃત થવાની, શિક્ષિત થવાની, સંસ્કારી થવાની જરુર છે. આખા સમાજમાં સ્ત્રી સન્માનની, ગૌરવની ભાવના પ્રસરાવવાની જરુર છે. કેમ કે આ વિષય સ્વયમ શિસ્તનો છે. પોતાના ઘરથી શરુઆત થશે તો ઘર ઘર પહોંચશે.

આજે સમાજમાં, દેશમાં નિર્ભયા કેટલી નિર્ભય છે ? આપણી સામાજિક સ્થિતિ રાજનીતિને કારણે, ધાર્મિક પરિસ્થિતિને કારણે, કટ્ટરતાને કારણે બગડી રહી છે. અનેક પ્રકારના વાયરસો આપના સમાજને, પુરુષોની માનસિકતાને.

# અસમાનતા, અસુરક્ષિતતા અને અવમાનનાના સંહારથી જ થશે મહિલા ઉદ્ધાર...!



**રજળપાટ**
**અજય ઉપાધ્યાય**

ઓક્ટોબર ૨૦૧૩... માસ્ટર બ્લાસ્ટર સચિન તેંડુલકર રોહતકમાં રણજીટ્રોફી સીઝનનો પોતાનો આખરી મેચ રમી રહ્યો હતો...સ્ટેડીયમમાં હાજર લગભગ પાંચેક હજાર લોકો સચિનના એક એક શોટ પર ચીયર કરી રહ્યા હતા. એ પાંચ હજારમાં એક નવેક વર્ષની હરિયાણવી છોકરી પણ હતી જે સચિનના એક એક શોટ પર ચિચિયારી કરી રહી હતી અને આંખોમાં આંજી રહી હતી સચિન જેવા ક્રિકેટર બનવાનું સપનું. હરિયાણાની છોરીઓ ક્યા તો કુસ્તીમાં જાય અથવા એ પ્રકારની બીજી કોઈ રમતમાં – ક્રિકેટ તો બહુ દૂરની વાત હતી પણ આ છોરીને તો બનવું હતું સચિન જેવું ક્રિકેટર. પિતાને વાત કરી, પ્રોત્સાહન પણ મળ્યું પણ કોઈ છોકરાઓ જોડે રમાડે નહિ એના સોલ્યુશનરૂપે વાળ કપાવીને છોકરા જેવા લુકમાં એણે ક્રિકેટ રમવાનું શરુ કર્યું અને હમણાં જ એ ટી-૨૦ માં વર્લ્ડની નંબર વન બેટ્સમેન જાહેર થઈ. અને મજાની વાત એ છે કે ગયા વર્ષે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં સૌથી નાની ઉમરે અર્ધી સદી ફટકારીને આ છોરીએ તેના આદર્શ સચિનનો ૩૦ વર્ષ જૂનો રેકર્ડ પણ તોડી કાઢ્યો..!! નામ છે એનું શેફાલી વર્મા અને હજુ એને ૧૬ મુ વર્ષ પૂરું થવામાં પણ થોડા દિવસોની વાર છે...!!!! સેલ્યુટ બનતા હૈ બોસ..!!! આ આર્ટીકલ તમે વાંચતા હશો ત્યારે મહિલા દિવસની સાથે સાથે વુમન્સ ટી-૨૦ વર્લ્ડકપનો ફાઈનલ પણ રમાવાનો છે અને ક્રિકેટવિશ્વની નજર હશે આ ઉમરમાં ટબુકડી પણ પરફોર્મન્સમાં ટફ શેફાલી પર...!!!

થોડા દિવસો પહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદી એ બધા જ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ છોડવાની વાત કરીને બધાને ચોંકાવી દીધેલા. જાતજાતની ચર્ચા વચ્ચે મોદીએ બીજા દિવસે જાહેર કર્યું કે રવિવાર ૮ માર્ચે ' મહિલા દિવસ ' ના મોકા પર એક દિવસ માટે તેઓ પોતાના બધા જ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એવી મહિલાને આપવા માંગે છે કે જેનું જીવન બીજા માટે અને ખાસ કરીને બીજી મહિલાઓ માટે પ્રેરણારૂપ હોય...!!! વડાપ્રધાનની અપીલ પર શોશિયલ મીડિયા આવી અનેકો જાણી-અજાણી મહિલાઓની સીધ્ધીઓથી છલકાઈ રહ્યું છે. શેફાલીથી વાત શરુ કરવાનું કારણ પણ એ જ છે કે મહિલાઓ અને ખાસ કરીને ભારતીય મહિલાઓ ઘણા બધા ક્ષેત્રમાં અનેક અગવડતાઓ અને મુશ્કેલીઓ અને બંધનો છતાં પણ નિરંતર પ્રગતી કરતી રહી છે. લૈંગિક અસામનતા, અનેક પ્રકારના અત્યાચારો, પુરુષપ્રધાન માનસિકતા અને કડક કાયદાઓની ઓછી અમલવારી જેવા હર્ડલ્સ કુદીને પણ ભારતીય મહિલાઓ દિવસે ને દિવસે વિવિધ ક્ષેત્રોમાં નામ કાઢી રહી છે અને એમાં મહિલાઓની પોતાની સાહસિકતા અને સફળ થવાની જીદની સાથે સાથે પુરુષોનો સાથ પણ ઘણી સફળ મહિલાઓના કેરિયર ગ્રાફને ઉંચે લઈ જવામાં ચોક્કસપણે કારણભૂત પણ છે જ , પણ હજુ મહિલાઓને ઉડવા માટે મુક્ત આકાશ મળે એવું ભારત નિર્માણ કે એવો સમાજ નિર્માણ થવો બાકી છે.પણ શેફાલી અને એના જેવી અનેકો પ્રેરણાત્મક મહિલાઓની કહાનીઓ એક વાતનો વિશ્વાસ આપે છે કે ભલે ધીરે ધીરે પણ સમાજમાં – સમાજની માનસિકતામાં બદલાવ તો આવી જ રહ્યો છે અને એટલે જ નો ડાઉટ અસંખ્ય નકારાત્મક વાતો વચ્ચે શૂન્યમાંથી સર્જન કરનાર કે ગર્વ થાય એવા હોદ્દા કે કાર્ય કરનાર મહિલાઓની ઘણી પોઝીટીવ ઘટનાઓ પણ બને છે અને એ હજુ પણ પાછળ રહી જનારી મહિલાઓના આવનારા ઉજવવળ ભવિષ્યની સારી નિશાનીઓ છે.

સ્ત્રીઓના માસિક ધર્મ પર બકવાસ બયાનો કરનારા કહેવાતા ધર્માચાર્યોને અવગણીને સ્ત્રીઓ પોતાની મર્યાદા અને શક્તિઓને એક નવી જ ઉંચાઈએ પહોચાડી રહી છે. હજુ હમણા જ થોડા સમય પહેલા આ જ કોલમમાં એસીડ એટેકનો ભોગ બનનાર લક્ષ્મી અને એના જેવી અનેક બહેનોની વાત કરેલી કે જેમણે સંજોગો અને સમસ્યાઓને મ્હાત આપીને સમાજ અને બીજી મહિલાઓને એક આદર્શ ઉદાહરણ પૂરું પાડેલું. તાજેતરમાં જ સુપ્રીમ કોર્ટના આદેશના પગલે સેનામાં મહિલાઓને પણ પુરુષની જેમ કમાન્ડ સોપવાની શરૂઆત થઈ ચુકી છે અને મેજર જનરલ માધુરી કાનીતકર હવે લેફ્ટેનન્ટ જનરલ બની ચુકી છે. હજુ હમણાં જ થોડા સમય પહેલા ફ્લાઈટ લેફ્ટેનન્ટ ભાવના કંઠ પહેલી મહિલા ફાઈટર પાઈલોટ બની ચુકી છે તો સેના સાથે જ જોડાયેલા એક બીજા સમાચાર મુજબ પુલવામા એટેકમાં જાન ગુમાવનાર મેજર વિભૂતિ શંકરના પત્ની નીતીકા કૌલ બહુ જલ્દી જ સેનામાં સામેલ થવા જઈ રહ્યા છે. આંધ્રપ્રદેશનું રામાવરાપડુ એક એવું રેલ્વે સ્ટેશન છે કે જેનું સંપૂર્ણ સંચાલન, મેનેજમેન્ટ અને સિક્યુરીટી બધું જ માત્ર ને માત્ર મહિલાઓ દ્વારા જ થાય છે. ત્યાં ઓફિસર, સિગ્નલવુમન, રીપેરર કે ઈવન ઓફિસમાં પણ માત્ર મહિલાઓ જ છે. આજથી ૪૦ વર્ષ પહેલા ૧૯૮૦મા કેરળના દેવકી અમ્માએ પહેલું ઝાડ વાવેલું આજે અમ્માએ અલાપુઝા જિલ્લાના એક ગામમાં પાંચ એકરનું જંગલ તૈયાર કરી દીધું છે તો બિહારના માઓવાદીથી પ્રભાવિત લખીસરાઈ જીલ્લામાં સરીતાદેવીએ લગભગ ૧ લાખ વૃક્ષો વાવીને બંઝર પહાડીને લીલીછમ્મ કરી દીધી છે. રાજસ્થાનના દુષ્કાળ પ્રભાવિત લગભગ ૧૦૦ ગામોમાં ૨૦૦ જેટલા ચેકડેમ બનાવીને ત્યાના લોકો અને ખેડૂતોનું દિલ જીતી લેનાર મુંબઈની સામજિક કાર્યકર અમલા રુઈયા અનેકો માટે પ્રેરણારૂપ છે. તો કેબીસી ની હમણાં પૂરી થયેલી સિઝનમાં ચમકનાર અનાથોનો આધાર એવી સિંધુતાઈ એક મહિલાનું સમાજ પ્રત્યેનું કર્તવ્ય અને સ્ત્રીત્વનું - મમતાનું આદર્શ ઉદાહરણ છે.

આવી તો અનેકો આદર્શરૂપ મહિલાઓના કિસ્સાઓ લખી શકાય એમ છે પણ સાથે સાથે એ પણ નોંધવું પડે કે હજુ પણ સ્ત્રીસમાનતા અને સ્ત્રીસશક્તિકરણમાં આપણે પાછળ છીએ. લૈંગિક સમાનતા કે જેનો પાયો સ્ત્રીના વિકાસ માટે જરૂરી છે એમાં ભારત ૧૪૪ દેશોના લીસ્ટમાં ૮૭મા સ્થાનથી ગબડીને ૧૦૮મા સ્થાને પહોચી ગયું છે. ગયા વર્ષે થોમસન રોયટર્સ ફાઉન્ડેશનના એક રીપોર્ટ મુજબ ૨૦૧૦ પછી ૭.૫ %ના વધારા સાથે ભારત સ્ત્રીઓ માટે અસલામત દેશ જાહેર થયેલ છે. અસંગઠિત ક્ષેત્રોમાં મહિલાઓને પુરુષો કરતા ૨૦% ઓછું વેતન મળે છે એટલું જ નહિ પણ ૬૦ ટકા મહિલાઓને લાગે છે કે તેઓ સાથે કામ પર ભેદભાવ રાખવામાં આવે છે. મહિલા દિવસના અવસરે મહિલાઓ પર થતા ઘરેલું અને સામજિક અત્યાચારો અને મહિલાઓને લગતા ગુનાઓના આંકડાઓ તો નથી મુકવા પણ એમાં પણ વધારો થઈ રહ્યો છે એટલું જ નહિ પણ સામાજિક જડ માન્યતાઓના પ્રતાપે મહિલા ઉત્પીડનના બનાવો પણ વધ્યા જ છે. આંકડાની આ માયાજાળ હજુ પણ લાંબી થઈ શકે એમ છે પણ હકીકત એ છે કે જેમ

**અનુસંધાન પાના નં ૭ પર**